**Date :** May 23, 2011

**Publication :** Commodity World

**Edition :** Ahmedabad

**Page :** 06

# રૂપિયામાં ૪૪.૮૦ની સપાટી ખૂબ જ સ્ટ્રોંગ સપોર્ટ લેવલ



**ફોરેક્સ મુવમેન્ટ**
**પ્રમીત બ્રહ્મભટ્ટ**
સીઈઓ,
અલ્પારી ફોરેક્સ ઈન્ડિયા




ડોલર અને રૂપિયાની જોડીમાં સતત ત્રીજા અઠવાડિયે પોઝિટિવ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે અને સતત તેમાં બુલિશ ટ્રેન્ડ રહેસે અને રૂપિયો ૪૫.૭૧ની સપાટી પર પહોંચી શકે છે. ભારતીય શેરબજારમાં ઘટાડો અને વૈશ્વિક ઈકિવટિ બજાર રેન્જ બાઉન્ડ રહેવાને કારણે યુરો-ડોલરનો ટ્રેન્ડ પણ મંદી તરફી રહેવાનો હોવાથી રૂપિયામાં વધુ સુધારો જોવા મળશે. રૂપિયો અઠવાડિયાના બીજા ભાવમાં મજબૂત રહ્યો હતો, ડોલરનો સુધારો અટકી ગયો હોવાથી રૂપિયામાં સપ્તાહના અંતિમ દિવસે ૪૪.૮૮ની સપાટી જોવા મળી હતી. રૂપિયામાં ૪૪.૮૦ની સપાટી સ્ટ્રોંગ સપોર્ટ લેવલ છે, એ લેવલ તૂટ્યું તો વધુ ડાઉનસાઈડ જઈ શકે છે.

ડોલર ઈન્ડેક્સ મુખ્ય બાસ્કેટ કરન્સી માટે રેન્જબાઉન્ડ રહ્યો હતો, પરંતુ અઠવાડિયાના અંતે તેમાં થોડો સુધારો હતો. ફીત્ચ રેટિંગ એજન્સી દ્વારા ગ્રીસનું રેટિંગ બીબી પ્લસથી ઘટાડીને બી પ્લસ કરવામાં આવતો ડોલર વધ્યો હતો. ડોલર ઈન્ડેક્સ રૂપિયા સામે એક ટકા જેટલો વધ્યો હતો. જીબીપી તેની સામે થોડો નબળો રહ્યો હતો, તેમાં સતત ત્રીજા અઠવાડિયે ઘટાડો હતો.

વૈશ્વિક બજારનો ટ્રેન્ડ જોઈએ તો આગામી અઠવાડિયા દરમિયાન યુરો અને જીબીપી ડોલર સામે ફરી સુધરશે, જેને કારણે રૂપિયાને મદદ મળશે અને રૂપિયો ૪૪.૮૦ની નીચે જઈ શકે છે.

સોનું અને ચાંદીમાં પણ આ સપ્તાહ દરમિયાન સુધારો જોવા મળ્યો હતો.

સોનું એક ટકા જેટલું વધીને ૧,૫૦૦ ડોલરની ઉપર અને બંધ પણ ઉપરમાં રહ્યું હતું. ચાંદીમાં પણ સુધારો જોવા મળ્યો અને અઠવાડિયામાં ૦.૩ ટકા જેટલી વધી હતી.